પેજ3

## વિકી કૌશલે ‘જાન’ના જન્મદિવસની તસવીરો શેર કરી



મુંબઇ, તા. 17: અભિનેત્રી કેટરીના કૈફે 16 જુલાઇના રોજ તેના પરિવારના સભ્યો અને નજીકના પ્રિયજનો સાથે ખૂબ જ સાદગીપૂર્વક પોતાનો 43મો જન્મદિવસ ઉજવ્યો હતો. આ ખાસ પ્રસંગની એક સુંદર ઝલક તેના પતિ અને અભિનેતા વિકી કૌશલે સોશિયલ મીડિયા પર શેર કરી છે. વિકી કૌશલે ઇન્સ્ટાગ્રામ પર જન્મદિવસની ઉજવણીની એક વ્હાલભરી તસવીર શેર કરી છે, જેમાં તે કેટરીનાને ભેટતો અને હાથમાં કેક પકડેલો જોવા મળે છે. કેમેરા સામે બંનેના ચહેરા પર અદભુત સ્મિત જોઈ શકાય છે. વિકી કૌશલે આ પોસ્ટના કેપ્શનમાં ટૂંકું પણ પ્રેમભર્યું લખાણ લખ્યું હતું, ‘જાન કા જન્મદિન.’

## પેપરાજી પર ગુસ્સે થઈ રાની મુખર્જી



મુંબઇ, તા. 17: અભિનેત્રી રાની મુખર્જીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે પેપરાજીના કેમેરા ચેક કરતા જોવા મળે છે. રાની મુખર્જી જ્યારે તેની પુત્રી સાથે કારમાંથી ઉતરી રહી હતી, ત્યારે પેપરાજી તેની તસવીરો ખેંચવા લાગ્યા હતા. પુત્રીની તસવીર ક્લિક થઈ હોવાની શંકા જતા જ રાની મુખર્જી ગુસ્સે થઈ હતી. જોકે, ગુસ્સો શાંત રાખીને તે ખૂબ જ શાલીનતાથી પેપરાજી પાસે ગઈ અને કેમેરા ચેક કરીને પૂછ્યું કે, ‘બાળકીની તસવીર તો નથી લીધી ને?’ પેપરાજીએ ના પાડતા મામલો થાળે પડ્યો હતો. આ વીડિયો સામે આવ્યા બાદ યુઝર્સ સોશિયલ મીડિયા પર મિશ્ર પ્રતિભાવો આપી રહ્યા છે.

# અમેરિકાએ ઈરાનમાં પુલો, વીજળી મથકો પર હુમલા કર્યા

**વળતા** હુમલામાં ઇરાને કુવૈતમાં પાવર પ્લાન્ટ અને વોટર ડીસેલિનેશન પ્લાન્ટ પર હુમલો કર્યો, મધ્યસ્થી દેશ કતાર પર પણ હુમલા કર્યા, બહેરીનમાં અમેરિકી મથક પર હુમલો, જોર્ડનમાં અમેરિકાના ઘણા જેટ નષ્ટ કર્યા હોવાનો ઇરાનનો દાવો

**ઇરાનના** કેટલાક બંદરો પર પણ અમેરિકાના હુમલા, નવા હુમલાઓમાં સાતનાં મોત

ક્રૂડ ઓઈલ ઉછળીને $86ને પાર





દુબઈ, તા. ૧૭: અમેરિકાએ શુક્રવારે વહેલી સવારે ઈરાન પર તેના હવાઈ હુમલાના અભિયાનને વધુ વેગ આપતાં અન્ય પુલો, ઊર્જા મથકો પર હુમલા કર્યા હતા અને ઈરાનના એક મહત્વના બંદર પર આવેલો ટાવર તોડી પાડ્યો હતો. હોર્મુઝની સામુદ્રધુની પરથી સકંજો હળવો કરવા ઈરાન પર દબાણ લાવવા માટે, ત્યાંની માળખાકીય સુવિધાઓ પર હુમલા શરૂ કરવાની અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ધમકીઓ પછી આ હુમલા થયા છે.

### ચાબહાર બંદર પરના હુમલામાં ટર્મિનલને કોઇ નુકસાન નહીં: ભારત

નવી દિલ્હી, તા. ૧૭(PTI): ઈરાનમાં ચાબહાર બંદર પર અમેરિકાના હુમલામાં શાહિદ બેહેશ્તી ટર્મિનલને કોઈ નુકસાન થયું નથી, તેમ ભારતે શુક્રવારે જણાવ્યું હતું. કનેક્ટિવિટી અને વેપારી સંબંધોને પ્રોત્સાહન આપવા માટે ભારત અને ઈરાન દ્વારા ચાબહાર બંદર વિકસાવવામાં આવી રહ્યું છે. બંને દેશો ચાબહાર બંદરને ઇન્ટરનેશનલ નોર્થ-સાઉથ ટ્રાન્સપોર્ટ કોરિડોર (INSTC)નો અભિન્ન ભાગ બનાવવા માટે પણ મજબૂત હિમાયત કરી રહ્યા છે. ચાબહાર પર અમેરિકા દ્વારા પ્રતિબંધોમાંથી આપવામાં આવેલી મુક્તિ એપ્રિલ મહિનામાં સમાપ્ત થઈ ગઈ હતી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, અમેરિકા દ્વારા એક મુક્તિ આપવામાં આવી હતી અને તે મુક્તિ થોડા સમય પહેલા જ સમાપ્ત થઈ ગઈ છે. ત્યારપછી, આ ચોક્કસ મુદ્દાને કેવી રીતે આગળ વધારવો તે અંગે અમે સંબંધિત હિતધારકો સાથે ચર્ચા કરી રહ્યા છીએ. તેના પર હુમલો થવાના પ્રશ્ન અંગે તેમણે જણાવ્યું હતું કે, હા, અમે તે સંબંધમાં કેટલાક અહેવાલો જોયા છે, પરંતુ અમે તમને એ પણ જણાવી શકીએ છીએ કે ટર્મિનલને પોતાને કોઈ નુકસાન થયું નથી. જયસ્વાલ ચાબહાર બંદર પર અમેરિકી હુમલા અંગેના એક પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા. આ બંદરમાં બે ટર્મિનલ છે – શાહિદ બેહેશ્તી અને શાહિદ કલાંતરી. ભારત શાહિદ બેહેશ્તી ટર્મિનલનું સંચાલન કરી રહ્યું હતું.

**અમેરિકાની એરસ્ટ્રાઈક:** યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ધમકી બાદ અમેરિકાએ હોર્મુઝની સામુદ્રધુની પરથી ઈરાનનો સકંજો હળવો કરવા તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલા તેજ કર્યા છે. શુક્રવારે વહેલી સવારે ઈરાનના દક્ષિણી હોર્મોઝગાન પ્રાંત (બંદર ખમીર)માં પુલો, પાવર સ્ટેશનો અને એક મહત્વના બંદરના ટાવરને તોડી પાડવામાં આવ્યા છે, જેમાં 7 લોકોના મોત થયા છે અને દક્ષિણના પ્રાંતોમાં વીજ કટોકટી સર્જાઈ છે.

**ઈરાનનો વળતો પ્રહાર:** ગયા મહિને થયેલા કામચલાઉ યુદ્ધવિરામનો અંત આવતા બંને પક્ષે જવાબી હુમલા શરૂ થયા છે. ઈરાને અમેરિકાના સાથી દેશો કતાર, કુવૈત અને બહેરીન પર મિસાઈલ તેમજ ડ્રોન હુમલા કર્યા છે. આ હુમલામાં કુવૈતના અત્યંત મહત્વપૂર્ણ પાવર અને વોટર ડીસેલિનેશન પ્લાન્ટને ભારે નુકસાન પહોંચ્યું છે. આ ઉપરાંત જોર્ડનમાં રાખેલા અમેરિકી જેટ વિમાનો નષ્ટ કરવાનો પણ ઈરાને દાવો કર્યો છે.

**ગંભીર ધમકીઓ:** ઈરાને ચેતવણી આપી છે કે જો અમેરિકા ભૂમિ હુમલો કરશે તો સૈનિકોની કત્લેઆમ થશે. તેમજ અમેરિકી હુમલાના વિરોધમાં બાબ અલ મંદાબનો દરિયાઈ માર્ગ બંધ કરવા માટે ઈરાને હુથી બળવાખોરોને આદેશ આપ્યો છે.

**આર્થિક સંકટ:** 28 ફેબ્રુઆરીથી શરૂ થયેલા આ યુદ્ધમાં સામુદ્રધુનીમાંથી જહાજોની અવરજવર 3 સપ્તાહના તળિયે પહોંચી ગઈ છે. વૈશ્વિક શિપિંગ માર્ગો પ્રભાવિત થવાને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમત ઉછળીને એક મહિનાના સૌથી ઊંચા સ્તરે એટલે કે બેરલ દીઠ 86 અમેરિકી ડોલરથી ઉપર પહોંચી ગઈ છે.

### ઇરાને લોકોને એસી બંધ રાખવા કહ્યું

અમેરિકાના હમલાઓ વચ્ચે દેશની પાવર ગ્રીડ પર દબાણ વધતાં, ઈરાને તેના નાગરિકોને પીક અવર્સ દરમિયાન તેમના એર કંડિશનર બંધ રાખવા જણાવ્યું છે. તેહરાનના ઊર્જા મંત્રાલયે જણાવ્યું હતું કે, ‘દક્ષિણના પ્રાંતોમાં વીજળીનો પુરવઠો સ્થિર રાખવામાં મદદ કરવા માટે આ વીજ નિયંત્રણો જરૂરી હતા, જેઓ હાલમાં ભારે ગરમી અને વીજ પુરવઠાની સુવિધાઓ પર થઈ રહેલા હુમલાઓનો સામનો કરી રહ્યા છે.’ પાટનગરમાં શુક્રવારે તાપમાન ત્રણ આંકડામાં (૧૦૦ ડિગ્રી ફેરનહીટથી ઉપર) પહોંચવાની ધારણા હતી, જ્યારે શનિવાર અને રવિવારે ૧૦૨ ડિગ્રી ફેરનહીટ જેટલી ભારે ગરમી રહેવાની શક્યતા છે.

### ભારતના રોકાણવાળા ચાબહાર બંદર પર ફરીથી હુમલો: ટાવરને નુકસાન

આ દરમિયાન ભારતના રોકાણ ધરાવતા ચાબહાર પોર્ટને પણ નિશાન બનાવવામાં આવ્યું હતું. આ હુમલામાં પોર્ટના કંટ્રોલ ટાવરને નુકસાન પહોંચ્યું છે. અમેરિકી રક્ષા મંત્રી પીટ હેગસેથે કંટ્રોલ ટાવર ક્ષતિગ્રસ્ત થયો હોવાની તસવીર પણ શેર કરી છે. ઈરાની સમાચાર એજન્સી ‘મેહર’ એ ચાબહાર પોર્ટ અને કંટ્રોલ ટાવર પર અમેરિકી હુમલાની પુષ્ટિ કરી છે. છેલ્લા એક અઠવાડિયામાં આ ટાવર પર આ ત્રીજો હુમલો છે. ચાબહાર બંદર ભારત માટે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ છે. ભારતે તેના વિકાસમાં મોટું રોકાણ કર્યું છે અને તેનું સંચાલન ભારતીય કંપની ‘ઈન્ડિયા પોર્ટ્સ ગ્લોબલ લિમિટેડ’ (IPGL) કરી રહી છે. આ બંદર ભારતને પાકિસ્તાનને બાયપાસ કરીને અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા સુધી સીધો વ્યાપારિક માર્ગ પૂરો પાડે છે.



## ચીનમાં ભયાનક ભૂસ્ખલન: 8નાં મોત અને 34 ગુમ

**ચોંગકિંગ** શહેરમાં સવારે આ બનાવ બન્યો જેમાં અનેક મકાનો કાટમાળ નીચે દટાયા

**હજુ** પણ અનેક લોકો ફસાયા હોવાની આશંકા

**1100થી** વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા

બીજિંગ, 17 જુલાઈ (એપી): દક્ષિણ-પશ્ચિમ ચીનમાં આવેલા એક અત્યંત ભયાનક અને વિનાશક ભૂસ્ખલનને કારણે અનેક રહેણાંક મકાનો કાટમાળ નીચે દટાઈ ગયા છે. આ મોટી કુદરતી દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા 8 લોકોનાં મોત થયાં છે અને અન્ય 34 લોકો હજુ પણ ગુમ હોવાના અહેવાલ મળી રહ્યા છે.

ચીનના ચોંગકિંગ શહેરના પહાડી વિસ્તારમાં આવેલા પેંગશુઈ કાઉન્ટીમાં શુક્રવારે સવારે આશરે 9:08 વાગ્યે આ ભીષણ હોનારત સર્જાઈ હતી, જેમાં પર્વતનો એક મોટો હિસ્સો તૂટીને રહેણાંક વિસ્તાર પર પડ્યો હતો અને આશરે 1100થી વધુ લોકોને તાકીદે સુરક્ષિત સ્થળોએ ખસેડવાની ફરજ પડી છે.

સરકારી ન્યુઝ ચેનલ સીસીટીવી અને સિન્હુઆ ન્યુઝ એજન્સીના સત્તાવાર અહેવાલો મુજબ, આ વિસ્તારમાં પડેલા ભારે વરસાદને કારણે પર્વત પરથી વિશાળ માત્રામાં પથ્થરોના સ્લેબ અને માટી નીચે ધસી આવ્યા હતા, જેના લીધે 10થી વધુ રહેણાંક મકાનો સંપૂર્ણપણે દટાઈ ગયા હતા. ઘટનાસ્થળે તૈનાત કરવામાં આવેલી આપત્તિ વ્યવસ્થાપનની ટીમોએ ભારે જહેમત બાદ અત્યાર સુધીમાં કાટમાળમાંથી 10 લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા છે, જેમાંથી 2 લોકો ગંભીર રીતે ઘાયલ હોવાથી તેમને હોસ્પિટલ ખસેડાયા છે.

## એનસીપીના બંને જૂથોને એનડીએમાં જોડાવા ભાજપની ઓફર

**સુનેત્રા** પવાર જૂથ અને શરદ પવાર જૂથ એકત્રિત થઇને એનડીએમાં જોડાય તેવી દરખાસ્ત મૂકી

**તેઓ** જો શાસક ગઠબંધનમાં જોડાય તો બે કેન્દ્રીય મંત્રી પદો આપવાની પણ ઓફર મૂકી

મુંબઇ, નવી દિલ્હી, તા. ૧૭: મહારાષ્ટ્રના રાજકારણમાં એક મોટો ઘટનાક્રમ સામે આવી રહ્યો છે. ભારતીય જનતા પાર્ટીએ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી(NCP) ના બંને જૂથો –સુનેત્રા પવાર જૂથ અને શરદ પવાર જૂથ (NCP-SP)ને ફરીથી એક થઈને રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન(NDA) નો ભાગ બનવા માટે એક મોટી ઓફર આપી છે.

ભાજપ નેતૃત્વ ઈચ્છે છે કે બંને જૂથો પોતાની અલગ રાજકીય ઓળખ જાળવી રાખીને પરસ્પર વિલય થઈ જાય અને NDAના સહયોગી પક્ષ બને. જો બંને જૂથો એક સાથે આવવા માટે સંમત થાય, તો ભાજપ તેના બદલામાં કેન્દ્રીય કેબિનેટમાં બે પદ આપવા તૈયાર છે. ભાજપનું ટોચનું નેતૃત્વ સહયોગી પક્ષોના ભાજપમાં વિલયની વિરુદ્ધ છે. પાર્ટીનું માનવું છે કે NCP એક અલગ પક્ષ તરીકે અસ્તિત્વમાં રહેશે, તો તે મહારાષ્ટ્રમાં બિન-બ્રાહ્મણ અને મરાઠા મતોને એકજૂથ કરવામાં મદદરૂપ સાબિત થશે.

### દોઢ લાખ ભારતીયોને અસર થઇ શકે

## ઈમિગ્રન્ટ ટ્રક ડ્રાઈવરોને હાંકી કાઢવાની ટ્રમ્પની યોજના

**વિદેશી** ડ્રાઇવરો નશા હેઠળ અકસ્માતો કરી રહ્યા હોવાનો આક્ષેપ

**તેમને** સ્થાને નિવૃત અમેરિકી સૈનિકોને ડ્રાઇવર બનાવાશે

ન્યૂયોર્ક, તા. ૧૭: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે દેશમાં મોટી સંખ્યામાં રહેલા ઈમિગ્રન્ટ ટ્રક ડ્રાઈવરોની જગ્યાએ અમેરિકન સૈન્યના નિવૃત સૈનિકોને લાવવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે આમાંના મોટાભાગના ડ્રાઈવરો ડ્રગ્સ અને આલ્કોહોલના નશામાં હોય છે અને ઘણા લોકોનાં જીવ લઈ રહ્યા છે. જો આ પ્રસ્તાવનો અમલ કરવામાં આવે, તો તે અમેરિકામાં રહેતા ભારતીય ઈમિગ્રન્ટ્સ માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે, જેમાંથી હજારો લોકો તાજેતરના વર્ષોમાં ટ્રકિંગ ઉદ્યોગમાં જોડાયા છે. પેન્સિલવેનિયામાં મિલિટરી ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં બોલતા ટ્રમ્પે આ ટિપ્પણી કરી હતી.

## BLAએ 45 પાકિસ્તાની સૈનિકોને માર્યા હોવાનો કર્યો દાવો

ઈસ્લામાબાદ, તા. 17: બલૂચિસ્તાન લિબરેશન આર્મી (BLA)એ મસ્તંગ જિલ્લામાં પાકિસ્તાની સેનાના કાફલા પર હુમલો કરી 45થી વધુ સૈનિકોને માર્યા હોવાનો અને ડઝનબંધને ઘાયલ કર્યાનો દાવો કર્યો છે. ક્વેટા-કરાચી હાઈવે પર ગુરુવારે સેનાની બસો, સુરક્ષા ટીમ પર આ હુમલો કરાયો હતો. બાદમાં બચાવ માટે પહોંચેલી સૈન્ય ટુકડીઓ પર પણ હુમલો કરવામાં આવ્યો હતો. પાકિસ્તાની સેનાએ હુમલાની પુષ્ટિ કરી છે પરંતુ મૃત્યુનો સત્તાવાર આંકડો જાહેર કર્યો નથી. BLA આ વિસ્તારના મર્યાદિત રસ્તાઓ અને સૈનિકોને બખ્તર વગરની સામાન્ય બસોમાં લઈ જવાની સેનાની નબળાઈનો ફાયદો ઉઠાવીને આવા ઘાતક હુમલા કરે છે. વધુમાં, સ્થાનિકોની નારાજગીને કારણે સેનાને ગુપ્ત માહિતી મળતી નથી, જ્યારે ઉગ્રવાદીઓને સ્થાનિક સ્તરેથી સેનાની ગતિવિધિની માહિતી મળી જાય છે. ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાનનો 44 ટકા હિસ્સો ધરાવતા બલૂચિસ્તાનમાં સોનું, તાંબુ અને કુદરતી ગેસના વિપુલ ભંડાર છે. જો કે, સ્થાનિકોનો આરોપ છે કે તેની કમાણી કેન્દ્ર સરકાર અને ચીની કંપનીઓ લઈ જાય છે.

## મેક્સિકો-ગ્વાટેમાલાની સરહદે ૭.૩નો ભૂકંપ

**જાનહાનિ** કે ગંભીર નુકસાનના તરત કોઇ અહેવાલ નહીં, સુનામીની ચેતવણી

**પાંચ** મોટા આફ્ટરશોક્સ પણ આવ્યા, મેક્સિકો સિટીમાં કેટલીક ઇમારતોમાં તિરાડ

તાપાચુલા(મેક્સિકો), તા. ૧૭(AP): શુક્રવારે દક્ષિણ મેક્સિકન પેસિફિક કિનારે, બરાબર ગ્વાટેમાલાની સરહદ પર એક શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો, જેના આંચકા મેક્સિકો સિટીથી લઈને અલ સાલ્વાડોર સુધી અનુભવાયા હતા. સત્તાવાળાઓએ તાત્કાલિક ધોરણે કોઈપણ દેશમાં કોઈ ગંભીર નુકસાન કે જાનહાનિના અહેવાલ આપ્યા નથી.

યુએસ જીઓલોજિકલ સર્વે(USGS) એ જણાવ્યું હતું કે ભૂકંપની તીવ્રતા ૭.૩ની હતી અને તેનું કેન્દ્રબિંદુ ચિયાપાસના દરિયાકાંઠાની નજીક, અકિલિસ સેર્ડાનથી ૪૮ કિલોમીટર દક્ષિણ-પશ્ચિમમાં અને ૧૫ કિલોમીટરની ઊંડાઈએ હતું. આ ભૂકંપ પહેલાં સમુદ્રમાં થોડે દૂર કેન્દ્રબિંદુ ધરાવતો એક નાનો આંચકો પણ આવ્યો હતો. મેયર એલ્મર વાઝક્વેઝ ગેયાર્ડોના જણાવ્યા અનુસાર, મેક્સિકોને ગ્વાટેમાલાથી અલગ કરતી નદીના કિનારે આવેલા સુચિઆતે શહેરમાં સુનામીના જોખમને ધ્યાનમાં રાખીને દરિયાકાંઠાના વિસ્તારો પર નજર રાખવામાં આવી રહી છે. મેક્સિકોની દક્ષિણ સરહદ પર આવેલા મુખ્ય શહેર તપાચુલામાં ધ્રુજારીની શરૂઆત હળવી થઈ હતી પરંતુ ધીમે-ધીમે તે તીવ્ર બની હતી. આ ભૂકંપ પછી ૫.૧ અને ૬ની તીવ્રતાના ઓછામાં ઓછા ૫ આફ્ટરશોક્સ આવ્યા હતા એમ USGSએ જણાવ્યું હતું.

ગ્વાટેમાલા સિટીમાં, ભૂકંપ લાંબો સમય ચાલવાને કારણે રહેવાસીઓ ગભરાઈ ગયા હતા. કામકાજનો દિવસ શરૂ થઈ રહ્યો હોવાથી અને પીક અવર્સ હોવાને કારણે ઘણા લોકો રસ્તા પર દોડી આવ્યા હતા. મેક્સિકોની રાજધાની મેક્સિકો સિટીમાં કેટલીક ઇમારતોમાં તિરાડ પડી હોવાના અહેવાલ છે.

## એનવીડિયાને પાછળ છોડી એપલ ફરી બની વિશ્વની સૌથી મૂલ્યવાન કંપની

**એપલના** શેરો સ્થિર રહ્યા, એનવીડિયાના શેર ૩.૫% ગગડી જતા એપલનું મૂલ્ય વધી ગયું

**$4.88** ટ્રિલિયનના માર્કેટ કેપ સાથે ટોચનું સ્થાન મેળવ્યું; AI ક્ષેત્રે ઇન્ફ્રાસ્ટ્રક્ચર કરતાં ડિવાઇસ-સર્વિસ ઇકોસિસ્ટમ તરફ રોકાણકારોનો વધતો ભરોસો

ન્યૂયોર્ક, તા. ૧૭: આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(AI)ના ઉછાળાથી સૌથી વધુ ફાયદો મેળવનારી કંપનીઓથી આગળ વધીને જ્યારે રોકાણકારો હવે અન્ય વિકલ્પો તરફ જોઈ રહ્યા છે, ત્યારે એપલે એનવીડિયાને પાછળ છોડીને વિશ્વની સૌથી મૂલ્યવાન કંપની તરીકેનું ટોચનું સ્થાન ફરીથી હાંસલ કર્યું છે. એપ્રિલ ૨૦૨૫ પછી એપલે પહેલીવાર આ સ્થાન મેળવ્યું છે.

શુક્રવારે એપલના શેર મોટાભાગે સ્થિર રહેતા તેનું માર્કેટ કેપિટલાઈઝેશન અંદાજે $૪.૮૮ ટ્રિલિયન (આશરે ૪.૮૮ લાખ કરોડ ડૉલર) પર રહ્યું હતું. બીજી તરફ, એનવીડિયાના શેરમાં ૩.૫% નો ઘટાડો થતાં તેનું બજાર મૂલ્ય ઘટીને અંદાજે $૪.૮૬ ટ્રિલિયન થયું હતું. વૈશ્વિક ટેક્નોલોજી ક્ષેત્રે આ ફેરફાર એક મોટો વળાંક દર્શાવે છે. જૂન ૨૦૨૫ થી એનવીડિયા વિશ્વની સૌથી મૂલ્યવાન કંપનીનું સ્થાન ધરાવતી હતી. જનરેટિવ AI મોડલ્સ અને ડેટા સેન્ટર્સને પાવર આપતી તેની ચિપ્સની ભારે માંગને કારણે કંપનીના શેરમાં અભૂતપૂર્વ ઉછાળો જોવા મળ્યો હતો.








ગુજરાત એનર્જી લિમિટેડના ગ્રાહકો માટે

**અગત્યની સૂચના**

GUJARAT ENERGY (Erstwhile Gujarat Gas Limited)

**ગુજરાત એનર્જી લિમિટેડ ના નામ પર કોઈ પણ વ્યક્તિ સાથે રોકડ વ્યવહાર કરવો નહિ**

ગુજરાત એનર્જી લિમિટેડ (GEL) તરફથી તેના તમામ ગ્રાહકોને સૂચિત કરવામાં આવે છે કે કેટલીક બિનઅધીકૃત એજન્સીઓ અથવા લોકો પોતાને ગુજરાત એનર્જી કંપનીના અધિકૃત પ્રતિનિધિ જણાવીને ગ્રાહકો પાસેથી અલગ અલગ કામગીરી માટે રોકડ રકમ પડાવી રહ્યાનું અમારી જાણમાં આવેલ છે.

આથી ગુજરાત એનર્જી લિમિટેડ તરફથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે અમારા તરફથી આવી કોઈ એજન્સીઓ કે વ્યક્તિઓને ગ્રાહકો પાસેથી રકમ ઉઘરાવવા માટેની સત્તા આપેલ નથી. તદુપરાંત, GEL ક્યારેય અનધિકૃત WhatsApp નંબરોથી APK ફાઈલ અને અજાણી લિંક થી ડિસ્કનેક્શન નોટિસ મોકલતું નથી. વોટ્સએપ અથવા SMS પર આવો કોઈ મેસેજ આવે તો તુરંત નજીકના સાઈબર સેલ અથવા પોલીસ સ્ટેશન નો સંપર્ક કરો.

અમો ગ્રાહકોને સૂચિત કરીએ છીએ કે GEL ની કોઈ પણ સેવા માટેની રકમની ચુકવણી ચેકથી, ઓનલાઈન (વેબસાઈટ / એપ), ક્રેડિટ કાર્ડ કે નેટ બેન્કિંગથીજ ભરવાનો આગ્રહ રાખો અને ચુકવણી કંપનીની અધિકૃત વેબસાઈટ અથવા એપ થીજ કરો. જો આપ રોકડ રકમમાં ગેસ બિલ ની ચુકવણી કરવા માંગતા હોવ તો કંપનીના અધિકૃત કલેક્શન સેન્ટર પર જ કરો, જેની વિગતો નીચે જણાવેલ ગ્રાહક સેવા કેન્દ્ર ના નંબર પર મળી રહેશે.

**GEL ને લગતી કોઈ પણ સેવા માટે ગ્રાહક સેવા કેન્દ્રનો નીચે જણાવેલ નંબર પર સંપર્ક કરો.**

જો આપની સાથે કોઈ વ્યક્તિ છેતરપીંડી કરતી જણાય તો તરતજ ગ્રાહક સેવા કેન્દ્રનો 1800-103-5001 / 079-71123711 નંબર પર સંપર્ક કરો. કૃપયા નોંધ લેશો કે કોઈ પણ બિનઅધિકૃત વ્યક્તિઓ અને / અથવા એજન્સીઓ સાથે થયેલ નાણાં વ્યવહાર માટે GEL ની કોઈ પણ પ્રકારની જવાબદારી રહેશે નહિ.

www.gujarat-energy.com જાહેર હિતમાં પ્રકાશિત


## 20 જુલાઈ સુધી ભૂખ હડતાળ પર રહેશે સોનમ વાંગચુક

નવી દિલ્હી, તા. 17: સામાજિક કાર્યકર્તા અને શિક્ષણવિદ્ સોનમ વાંગચુકે જાહેરાત કરી છે કે તેઓ 20 જુલાઈ સુધી તેમની અનિશ્ચિત મુદતની ભૂખ હડતાળ ચાલુ રાખશે, જેથી તેઓ ‘કોકરોચ જનતા પાર્ટી’ના પ્રસ્તાવિત સંસદ માર્ચનું નેતૃત્વ કરી શકે. વાંગચુકે તેમના સમર્થકોને સંબોધતા ભાવુક થઈને જણાવ્યું હતું કે, ‘હું 20 જુલાઈ સુધી ગમે તે રીતે જીવતો રહીશ જેથી તમારી સાથે સંસદ સુધી કૂચ કરી શકું. અને જો આ માર્ચ સફળ નહીં થાય, તો હું ભૂત બનીને પાછો આવીશ.’


TORRENT POWER

**વીજપ્રવાહ બંધ રહેવા બાબત**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપુરવઠો આપવાના હેતુથી નીચે દર્શાવેલ સબસ્ટેશનોના નેટવર્ક મેઈન્ટેનન્સનું આયોજન કરેલ છે. આ સબસ્ટેશનોમાંથી વીજપુરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન વીજપુરવઠો બંધ રહેશે. અનુસૂચિત સમય પહેલા વીજપુરવઠો પુનઃકાર્યરત કરવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.

- ૨૦/૦૭/૨૦૨૬, સોમવાર : ઘનશ્યામ પાર્ક (અમરોલી), રત્નમાળા (અમરોલી રોડ)
- ૨૧/૦૭/૨૦૨૬, મંગળવાર: લક્ષ્મી વિષ્ણુ (અમરોલી રોડ), અલ્પેશ (ન્યૂ કે.જી. જી.આઈ.ડી.સી.), રામજી કૃપા (કતારગામ)
- ૨૨/૦૭/૨૦૨૬, બુધવાર : ગોકુલ પાર્ક (કતારગામ), મિલેનિયમ માર્કેટ નં.૪ (રિંગ રોડ), ચામુંડાનગર (લક્ષ્મીકાંત)
- ૨૩/૦૭/૨૦૨૬, ગુરુવાર : આદર્શ સોસાયટી (કતારગામ), નિર્માણ ઈન્ડસ્ટ્રીયલ નં.૨ (ફુલપાડા), સંડે હબ (કતારગામ)
- ૨૪/૦૭/૨૦૨૬, શુક્રવાર : ભાગીરથ નં.૧ (કારંજ), જય નારાયણ ઈન્ડસ્ટ્રીયલ નં.૨ (આંજણા)

**અસુવિધા બદલ દિલગીર છીએ**

Door step services are available for senior & Differently Abled citizens
Request to call on 19128 (Toll Free) / 0261-2551912 / 9099991912
or mail to connect.srt@torrentpower.com
WhatsApp 8141970070



बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

ભેસ્તાન શાખા : દુકાન નં.૧ થી ૩, સાંઈ સ્કવેર બિલ્ડીંગ, ઉધના નવસારી રોડ, ભેસ્તાન, સુરત
Email : dbbhes@bankofbaroda.com

**કબજા નોટીસ(સ્થાયી મિલકત માટે)[સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨]ના[રૂલ ૮(૧) હેઠળ]**

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડાના** અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વચાંણે લઈ હેઠળ તેમને મળેલ સત્તા દ્વારા **તા.૨૧.૦૪.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ગીરવેદાર **શ્રીમતી નિર્મલાબેન વસંત લહાંગડે (દેવાદાર અને ગીરવેદાર), અને શ્રી વસંત લહાંગડે (સહદેવાદાર અને ગીરવેદાર) અને શ્રી કરન વસંત લહાંગડે (સહદેવાદાર અને ગીરવેદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૪,૪૬,૮૮૩.૩૩ (અંકે રૂા. ચૌદ લાખ છેતાલીસ હજાર આઠસો ત્યાંસી અને તેત્રીસ પૈસા પુરા) વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ** સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/જામીનદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ ૪ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા. ૧૬મી જૂલાઈ સન ૨૦૨૬** ના રોજ આ મિલકતનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૧૪,૪૬,૮૮૩.૩૩ વત્તા વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ** ને આધિન રહેશે.

**સ્થાયી મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે ‘સ્વસ્તિક પાર્ક’ તરીકે જાણીતી બિલ્ડીંગ નં.ઈ ના ૪થા માળનો ફલેટ નં.ઈ/૪૦૬ માપ ૫૮૧ ચો.ફુટ એટલે ૫૩.૯૬ ચો.મી, બિલ્ટઅપ એરિયા અને ૫૩૪ ચો.ફુટ એટલે ૪૯.૫૮ ચો.મી કારપેટ એરિયા ૨૬.૭૭ ચો.મી સાથે, ના વણવહેચાયેલ હિસ્સા બાંધકામ નો જમીન રેવન્યુ સર્વે નં.૭૩, ૮૧, બ્લોક નં., ટી.પી.સ્કીમ નં.૬૯ (ગોડાદરા–ડિંડોલી), ફાઈનલ પ્લોટ નં.૧૧૧ માપ ૩૧૭૬૩ ચો.મી, પૈકી એસએમસી દ્વારા મંજુર થયેલ સબ ડિવીઝન પ્લાન, સબ પ્લોટ નં.૧ માપ ૫૯૧૯ ચો.મી, મોજે ગામ.ડિંડોલી, સબ ડિસ્ટ્રીક્ટ –ઉધના (સુરત સીટી), જી. સુરત ખાતે આવેલ છે. આ મિલકતની (વેલ્યુએશન રીપોર્ટ મુજબ) જેની ચતુર્દિશા : **ઉત્તર તરફ** : જોડેની બિલ્ડીંગ, **દક્ષિણ તરફ** : ફલેટ નં.૪૦૫, **પૂર્વ તરફ** : પ્રવેશ પેસેજ, **પશ્ચિમ તરફ** : ખુલ્લી જગ્યા આવેલ છે.

તા. ૧૬/૦૭/૨૦૨૬, સ્થળ : સુરત **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા,ભેસ્તાન શાખા.**